


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯ | ૩૦ માર્ચ, ૨૦૧૫, સોમવાર ; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેર-જિલ્લામાં હવામાનમાં પલ્ટો


(તસવીર : દિપક જાની)

## બપોર બાદ પવન સાથે આકાશમાં વાદળો ઘેરાઈ આવતા મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું : લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો

ગાંધીનગર, તા. ૨૯

ઉનાળાએ આકરો મીજાજ બતાવવો શરૂ કર્યો ત્યાં જ વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. રવિવારે બપોર બાદ જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો અને આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. શહેરમાં ક્યાંક ક્યાંક છાંટા પણ પડ્યા હતા.

ગાંધીનગર સહિત રાજ્યના ઘણા વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસ દરમ્યાન ગાજવીજ સાથે કમોસમી વરસાદ નોંધાયો હતો. તે પછી આજે રવિવારે ગાંધીનગર અને અમદાવાદ સહિત ઘણા વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. બપોર બાદ તો શહેરમાં જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો. ખુલ્લા મેદાનોમાં ધુળની ડમરીઓ ઉડી હતી. જાણે વાવાઝોડુ ફુંકાવવાનું હોય તેવો માહોલ બંધાયો હતો. જોરદાર પવન ફુંકાવવાના કારણે માર્ગો પર ઠેર ઠેર પાંદડાઓના ઢગલા જામી ગયા હતા. જાણે પીળી ચાદર પાથરી દીધી હોય તેવું લાગતુ હતુ.

વાતાવરણમાં આવેલા પલ્ટાની અસર તાપમાન પર પણ જોવા મળી હતી. છેલ્લા એક અઠવાડિયાથી ગાંધીનગર કાળઝાળ ગરમી અને આકરો તાપ સહન કરી રહ્યું છે. મહત્તમ તાપમાન એક તબક્કે તો ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું હતુ. લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રી જેટલુ ઊંચુ નોંધાયુ હતુ. વસાહતીઓએ બે થી ત્રણ દિવસ સુધી હીટવેવનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ આજે વાતાવરણમાં પરિવર્તન આવતા મહત્તમ તાપમાન એક જ દિવસમાં છ ડિગ્રી જેટલુ ઘટી ગયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. તાપમાનમાં ઘટાડો થતાં વસાહતીઓએ ગરમીમાં થોડીક રાહત મેળવી હતી.

જો કે વાતાવરણમાં આવી રહેલા વારંવારના ફેરફારના કારણે ખેડૂતો સૌથી વધુ ચિંતિત બન્યા છે. હાલમાં રવિપાકની સિઝન ચાલી રહી છે. ખેતરોમાં ઘઉંનો મહામુલો પાક તૈયાર થઈ ચુક્યો છે. કેટલાક ખેડૂતોએ તો ઘઉંની કાપણી પણ શરૂ કરી દીધી છે. આવી પરિસ્થિતિમાં વાતાવરણમાં આવતો વારંવારનો બદલાવ પાકને નુકશાન પહોંચાડી શકે છે. દિવસોની મહેનત એક જ દિવસમાં પાણીમાં જઈ શકે છે. આથી કૃષિકારોમાં ચિંતા સર્જાય તે સ્વાભાવિક છે. હાલમાં કેરી જેવા બાગાયતી પાકોની સિઝન પણ ચાલી રહી છે. કમોસમી વરસાદના કારણે કેરીના પાકને ખુબ નુકશાન થવાની ભીતી છે. જો વારંવાર આજ રીતે વાતાવરણમાં પલ્ટો આવશે તો કેરીનો ભાવ ઊંચે જવાની શક્યતાઓ છે. કેરી આ વર્ષે મોંઘી થઈ શકે છે.

# જિલ્લામાં રેતી સહિતની ખનીજ પેદાશોની રોયલ્ટી પેટે રૂ. ૧૨૮૯.૧૨ લાખ ફળવાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રેતી સહિતની ખનીજ પેદાશોની રોયલ્ટી પેટે રૂ. ૧૨૮૯.૧૨ લાખની ચુકવણી કરી છે.

જિલ્લામાં આ રકમની ફાળવણી કરવામાં આવે છે. તેમાં ૫૦ ટકા રકમ નદીકાંઠા વિસ્તારના ગામોમાં પૂર રક્ષણની કામગીરી માટે વાપરવાની હોય છે. જ્યારે ૫૦ ટકા રકમ અન્ય વિકાસના કામો પાછળ ખર્ચ કવામાં આવતી હોય છે.

ગાંધીનગર જિલ્લામાં ફાળવવામાં આવેલી આ રકમ એ હંમેશા વિવાદનું કેન્દ્ર બની રહી છે. રાજ્ય સરકાર દ્વારા આ રકમની ચુકવણી સમયસર નહિ થતી હોવાની તેમજ નદીકાંઠાના ગામોમાં જે રીતે રસ્તાઓના નિર્માણ અને મજબુતીકરણના કામો થવા જોઈએ તેવા નહિ થતા હોવાની ફરિયાદો ઉઠી છે.

જિલ્લામાં આ રકમથી વિકાસના કામો માટે રકમની ફાળવણી પણ અન્ય વિસ્તારોમાં પક્ષીય ધોરણે થતી હોવાની ફરિયાદો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી છે તે ઉલ્લેખનીય છે.

# કમોસમી વરસાદથી નુકસાન અંગે કેન્દ્ર પાસે સહાયની માંગ

## આજે પરિસ્થિતિની સમીક્ષા માટે ગુજરાત આવતા વૈંકૈયા નાયડુ : ગાંધીનગરમાં બેઠક

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને પગલે ઉભી થયેલી સ્થિતિના અભ્યાસ માટે આજે કેન્દ્રના શહેરી વિકાસ અને સંસદીય વિભાગોના મંત્રીશ્રી વૈંકૈયા નાયડુ ગુજરાત આવી રહ્યા છે.



તેઓ અમદાવાદ વિમાની મથકેથી સીધા મોટર માર્ગે ગાંધીનગર આવશે અને રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને રાજ્યના સિનીયર મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં બેઠક કરશે.

રાજ્ય સરકાર દ્વારા તેમની સમક્ષ ઉભી થયેલી સ્થિતિ અંગે એક પ્રેઝન્ટેશન સ્વર્ણીમ સંકુલમાં રજુ કરાશે તેમજ સરકારે લીધેલા પગલાંની જાણકારી આપશે.

રાજ્ય સરકારે આ વર્ષે ખેડૂતો માટે ત્રણ વખત અલગ અલગ રાહતના પેકેજ જાહેર કર્યા છે જે ઉલ્લેખનીય છે.

આ વખતે રાજ્ય સરકારે કમોસમી વરસાદ વર્ષના આરંભથી માર્ચ સુધીમાં ત્રણ વખત થતાં ખેડૂતોને થયેલા નુકશાનને લઈ નિયમોમાં ફેરફાર કરીને પણ રાહત આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર કેન્દ્ર પાસે સહાયની પણ માંગ કરે તેમજ આગામી ખરીફ ઋતુ દરમ્યાન ખાતરનો જથ્થો પુરતા પ્રમાણમાં સમયસર મળી રહે તે માટેની માંગણી રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે.

# ગતિશીલ ગુજરાતના અમલીકરણની આજે પ્રભારી સચિવ સમીક્ષા કરશે

## તંત્ર દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશન તૈયાર કરાયુ : રવિવારે રજા હોવા છતાં અધિકારીઓ તૈયારીઓમાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૯

ગતિશીલ ગુજરાતની સમીક્ષા માટે જિલ્લાના પ્રભારી સચિવશ્રી મહાવીરસિંહ ડાગુરે આજે અધિકારીઓની એક ખાસ બેઠક બોલાવી છે.

૧૭ જેટલા વિભાગોના ૧૦૫થી પણ વધુ મુદ્દાઓના અમલીકરણમાં થયેલ પ્રગતિની સમીક્ષા આ બેઠકમાં થશે. આ બીજા તબક્કાના અમલીકરણમાં તંત્ર દ્વારા લગભગ ૧૦૦ ટકા જેટલી કામગીરી મોટાભાગના વિભાગો દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં બી.પી.એલ. પરિવારોને મા અમૃતમ વાત્સલ્ય યોજનાના કાર્ડ આપવામાં થોડીક ધીમી કામગીરી જોવા મળી છે. જો કે આ માટે સર્વરની ધીમીગતિ વધારે જવાબદાર હોવાનું જાણવા મળેલ છે. તેમજ બી.પી.એલ. પરિવારોની આખરી યાદીને લઈ પણ વિવાદો છે.

જિલ્લામાં ગતિશીલ ગુજરાતની કામગીરી એકંદરે સંતોષકારક રહી છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જો કે સ્ટાફની અછત પણ સૌથી મોટી સમસ્યા તંત્ર માટે રહી છે. ગાંધીનગર જિલ્લો પહેલા એક તાલુકાનો બનેલો હતો હવે ત્રણ નવા તાલુકા ઉમેરાયા પછી પણ અહિ કેડર રિવ્યુ નથી થયો તેમજ વય નિવૃત્તિને કારણે ખાલી પડેલી જગ્યાઓને લઈ અહિ તંત્રમાં બધી જ જગ્યાઓ લગભગ ચાર્જમાં ચાલે છે.

આંગણવાડીના મકાનો બનાવવામાં પણ જમીનની ઉપલબ્ધિની સમસ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં રસીકરણ તેમજ અન્ય કાર્યક્રમોમાં સારી કામગીરી થવા પામી છે.

સવારે ૧૦ વાગે મળનારી આ બેઠકને લઈ આજે રજાનો દિવસ હોવા છતાં અધિકારીઓ તે અંગેની તૈયારીમાં વ્યસ્ત જણાયા હતા. આ સમીક્ષા માટે એક ખાસ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

આ જ કામગીરીની સમીક્ષા ૩૧મી માર્ચના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પ્રભારી સચિવો કરવાના છે અને આ પછી ત્રીજા તબક્કાના કાર્યક્રમનું લોંચીંગ એપ્રિલના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


નાયબ મામલતદાર/ Dy.S.O. 733 જગ્યાઓ
100% ગેરંટીથી નોકરી મેળવો
પ્રિલિમ / મુખ્ય પરીક્ષામાં નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે
TCCI શરૂ કરે છે (નાયબ/મામલતદાર Dy.S.O.)
બ્રિલિયન્ટ બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 2.4.2015 ગુરૂવાર | બપોરના 3 થી 6 | સોમ થી શનિ |

ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ
પરીક્ષા સુધીનો કોર્ષ | નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ | 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

ઈકોનોમિક બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર |
| 10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 7-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 24,000/-

તલાટી
ગુજરાત સરકારમાં નોકરી મેળવો
ધોરણ-12 પાસ
2440+ જગ્યાઓ
✓ પરીક્ષા સુધીનો કોર્ષ
✓ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✓ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✓ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ
સંપૂર્ણ અધ્યતન સાહિત્ય FREE
(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015
નાપાસ થવાથી ફી 100% પરત
ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ
બેચ શરૂ તા. : 02-4-2015

ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 | સવારના 10 થી 12 | સોમ થી શુક્ર |
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 11.04.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5
328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M. : 9537614606 / 7
TET/TAT
બેચ શરૂ થવાની તા.: 5-4-2015
ભણવાનો સમય : બપોરના 3 થી 7
ભણવાના દિવસ : શનિ / રવિ
ફી માત્ર ₹ 18,000/-
પરીક્ષા સુધીનો કોર્ષ








ડો. પ્રકાશ જોષી
વિદેશ પ્રવાસથી
પરત આવી ગયા છે
આજથી
નીચેના સરનામે
રાબેતા મુજબ મળશે
ઈલા પ્રસુતિ ગૃહ
અને નર્સિંગ હોમ
ડો. પ્રકાશ જોષી
એમ.ડી. ડી.જીઓ.
ડીપ્લોમા લેપ્રોસ્કોપી (જર્મની)
ગાયનેકોલોજીસ્ટ
સ્ત્રી રોગ અને પ્રસુતિના નિષ્ણાત
ઘ-૫ પેટ્રોલ પંપની બાજુમાં,
સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : ઓ : ૨૩૨ ૨૨૦૪૩